
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૭ | ૧૯ માર્ચ, ૨૦૧૭, રવિવાર ; ફાગણ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાર રેસિંગ ચેમ્પિયનનુ માર્ગ અકસ્માતમાં કરૂણ મોત



નેશનલ કાર રેસિંગ ચેમ્પિયન અશ્વિનસુંદર અને તેની પત્નિ નિવેદિતાનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ નિપજ્યુ છે. તેની બીએમડબલ્યુ કાર અચાનક કંટ્રોલ ગુમાવી દેતા ઝાડ સાથે ટકરાઈ હતી.

### તાજનગરીમાં બે ધમાકા



તાજમહેલને ઉડાવી દેવાની ધમકી આપ્યાના ૨૪ કલાકમાં તાજનગરી આગ્રામાં શનિવારે સવારે બે વિસ્ફોટ થતાં દોડધામ મચી ગઈ છે. એક રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૫ના આઉટર ટ્રેક પર અને બીજો ટ્રેક પાસેના ઝુંપડપટ્ટી વિસ્તારમાં થયો હતો.

### દિગ્વિજયસિંહની કબુલાત ભાજપ ચપળ રહ્યું

ગોવામાં સરકાર રચવામાં




કોંગ્રેસે નિષ્ઠાપૂર્વક પ્રયાસો કર્યા પરંતુ ભાજપ વધુ ઝડપી રહ્યુ તેવી કબુલાત કોંગ્રેસના મહામંત્રી દિગ્વિજયસિંહે કરી છે.

### કાળા નાણાં પર છ હજાર કરોડનો ટેક્સ પ્રાપ્ત

નોટબંધી બાદ બીન જાહેર સંપતિ પર અત્યાર સુધીનો છ હજાર કરોડનો ટેક્સ પ્રાપ્ત થયો છે. કાળા નાણાં પર તપાસ સમિતિના ઉપાધ્યક્ષ જસ્ટીસ અરીજીત પસાયતે જણાવ્યુ હતુ કે આ આંકડો હજુ બમણો થઈ શકે છે.

### ત્રણ તલાક વિરૂદ્ધ ૧૦ લાખ મુસ્લિમોએ પિટિશન સાઈન કરી

ત્રણ તલાક વિરૂદ્ધ શરૂ થયેલી




ઝુંબેશ વધુ ઝડપી બની ગઈ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘથી જોડાયેલા મુસ્લિમ રાષ્ટ્રીય મંચે આ મુદ્દે મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓનું સમર્થન હાંસલ કરવાનો દાવો કર્યો છે. ૧૦ લાખ મુસ્લિમોએ ત્રણ તલાક વિરૂદ્ધ પિટિશન સાઈન કરી છે.

# દેશમાં મોદી-યુપીમાં યોગી

**યૂપીના મુખ્યપ્રધાન તરીકે આજે યોગી આદિત્યનાથની તાજપોશી : આજે આયોજિત શપથવિધિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ હાજરી આપશે : કેશવ પ્રસાદ, દિનેશ શર્મા નાયબ મુખ્યપ્રધાન**



લખનૌ, તા. ૧૮

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કોણ રહેશે તેને લઈને ચાલી રહેલી ચર્ચાઓ અને સસ્પેન્સનો આજે અંત આવી ગયો હતો. ઉત્તરપ્રદેશના આગામી મુખ્યમંત્રી તરીકે યોગી આદિત્યનાથ આવતીકાલે શપથ લેશે. મુખ્યમંત્રી તરીકેના ઉમેદવારની આજે જાહેરાત કરવામાં આવી હતી. ભાજપે વિધિવતરીતે તેમના નામની જાહેરાત કરી હતી. જ્યારે ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી તરીકે પણ રહેશે જેમાં રાજ્ય એકમના વડા કેશવ પ્રસાદ મોર્ય અને લખનૌના મેયર વિનોદ શર્માનો સમાવેશ થાય છે. રાજ્યના પાટનગર લખનૌમાં મળેલી બેઠકમાં ભાજપ વિધાનસભા પક્ષના નેતાઓએ આદિત્યનાથની પસંદગી કરી લીધી હતી.

મુખ્યમંત્રીપદના કેટલાક ઉમેદવારો હતા. હવે આવતીકાલે બપોરે ૨.૧૫ વાગે શુભ મુહુર્તમાં તેઓ મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. છેલ્લા કેટલાક દિવસથી જુદા જુદા નામ ઉપર ચર્ચા હતી જેમાં મનોજ સિંહાના નામ ઉપર ચર્ચા ચાલી રહી હતી. આ હોદ્દા માટે કેશવ પ્રસાદ મોર્ય, કાલરાજ મિશ્રા, લખનૌના મેયર દિનેશ શર્માના નામ ઉપર પણ ચર્ચા ચાલી રહી હતી. ૪૪ વર્ષીય યોગી આદિત્યનાથ ગોરખપુરનું પ્રતિનિધિત્વ સંસદમાં કરી રહ્યા છે. ૧૯૯૮થી તેઓ ગોરખપુરમાંથી ચુંટાતા આવ્યા છે. આક્રમક નેતાએ આજે ભાજપના યુપી એકમના વડા કેશવ પ્રસાદ મોર્ય, ભૂપેન્દ્ર યાદવ, ઓમ માથુર અને સુનિલ બંસલ સાથે બેઠક યોજી હતી. ભાજપે હાલમાં વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ સફળતા મેળવી હતી અને ૩૧૨ બેઠક જીતી હતી. આજે સવારથી જ બેઠકોનો દોર ચાલી રહ્યો હતો. યોગી આદિત્યનાથને ભાજપના હિન્દુત્વવાદી રાજનીતિના ચહેરા તરીકે ગણવામાં આવે છે. રાજનાથસિંહને પણ ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રીપદે ત્રિવેન્દ્રસિંહ રાવતની શપથવિધિ

**શપથગ્રહણ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી, અમિત શાહની હાજરી : રાજ્યપાલ કેકે પૌલ દ્વારા હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવાયા : રાવતની સાથે નવ મંત્રીઓએ પણ શપથ લીધા**

દહેરાદૂન, તા.૧૭

ઉત્તરાખંડમાં ભાજપની જોરદાર જીત બાદ ત્રિવેન્દ્રસિંહ રાવતે આજે મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. આની સાથે જ હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. રાવતે આજે સવારે રાજ્યના ૧૧માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિત ભાજપના અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલ કેકે પૌલ દ્વારા રાવત અને તેમના મંત્રીમંડળના સભ્યોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા



હતા. ૭૦ સભ્યોની ઉત્તરાખંડ વિધાનસભામાં ભાજપે ૫૭ બેઠકો જીતી હતી. રાવતની મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવી હતી. ત્યારબાદ સતપાલ મહારાજે શપથ લીધા હતા. ઉપરાંત ખડકસિંહ રાવત, મદન કૌશિક, અરવિંદ પાંડે, સુભોધ ઉનિયાલ, યશપાલ આર્ય અને પ્રકાશ પંતે પણ મંત્રી તરીકેના શપથ લીધા હતા. આ તમામને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. રેખા આર્ય અને ધનસિંહ રાવતે રાજ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. આ રીતે ત્રિવેન્દ્ર રાવતની સાથે નવ મંત્રીઓએ શપથ લીધા હતા. ગઈકાલે શુક્રવારે ઉત્તરાખંડમાં ભાજપ વિધાનસભા પક્ષની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં ત્રિવેન્દ્રસિંહ રાવતના નામ ઉપર મંજુરીની મોહર મારવામાં આવી હતી. વિધાનસભા પક્ષની બેઠકમાં ત્રિવેન્દ્રસિંહ રાવતને નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. હાલમાં જ યોજાયેલી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો ભાજપે પાંચ પૈકીના ચાર રાજ્યોમાં સરકાર બનાવી લીધી છે. મણીપુર અને ગોવામાં ભાજપની સરકાર સત્તા સંભાળી ચુકી છે. જ્યારે ઉત્તરાખંડમાં આજે ત્રિવેન્દ્રસિંહના નેતૃત્વમાં ભાજપ સરકારે સત્તા સંભાળી હતી. હાલમાં જ યોજાયેલી ઉત્તરાખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટાભાગની સીટો જીતી લીધી હતી. ભાજપે ૫૭ સીટો પર જીત હાંસલ કરી હતી.

# રાજ્યો વચ્ચેની ચેકપોસ્ટ નાબુદીનો તખ્તો તૈયાર

**સરહદ ચેકપોસ્ટ પર ટ્રકોની લાંબી લાઈનો લાગશે નહીં : સ્વતંત્ર ભારતના સૌથી મોટા આર્થિક સુધારા ગણાતા જીએસટીમાં જોગવાઈ કરાશે : ટ્રકોની અવરજવર આડેની અડચણોને દૂર કરવા ટાસ્ક ફોર્સ રચાશે**

નવી દિલ્હી,તા. ૧૮

બોર્ડર ચેકપોસ્ટ પર ચેકિંગના કારણે લાગતી ટ્રકોની લાંબી લાઈનોના કારણે ચીજવસ્તઓ સાથેની એક ટ્રકને બીજા રાજ્યમાં પહોંચી જવામાં ખુબ સમય લાગે છે. જેની સીધી અસર અર્થ વ્યવસ્થા પર પડે છે. સ્વતંત્ર ભારત બાદ સૌથી મોટા આર્થિક સુધારા તરીકે ગણાતા જીએસટી બિલમાં આ સમસ્યા પર પણ ધ્યાન આપવામાં આવ્યુ છે. જીએસટી કાઉન્સિલ બોર્ડર પર ટ્રકની અવરજવરને અવરોધથી દુર રાખવા માટે ખાસ ટાસ્ક ફોર્સ બનાવનાર છે. જેના કારણે અર્થવ્યવસ્થા પર ચીજવસ્તુઓ મોડેથી પહોંચવાના કારણે થતા નુકસાનને ટાળી શકાશે. આઈઆઈએમ-કોલકત્તા દ્વારા હાલમાં કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સરહદ પર ચેકપોસ્ટ પર થતા વિલંબના કારણે અર્થવ્યવસ્થાને આશરે ૪૩ હજાર કરોડનુ નુકસાન થાય છે. આ ઉપરાંત ચેકપોસ્ટ પર ઈંધન પણ ખરાબ થાય છે. માર્ગ મંત્રાલય દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જરૂરી કાગળ નહી હોવાના

● અનુસંધાન પાન-૭ પર

# યોગી આદિત્યનાથ ૨૬માં વર્ષે લોકસભામાં જીત્યા હતા

**૧૨મી લોકસભામાં સૌથી યુવા સભ્ય તરીકે હતા : લોકસભાની ચૂંટણીમાં સતત ગોરખપુરમાંથી સાંસદ તરીકે આદિત્યનાથ ચુંટાયા છેઃ કટ્ટર હિન્દુ ચહેરા તરીકે જાણીતા**



લખનૌ, તા. ૧૮

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે આવતીકાલે મહંત યોગી આદિત્યનાથ શપથ લેશે. યોગી આદિત્યનાથ કટ્ટર હિન્દુવાદી ચહેરા તરીકે રહ્યા છે. અનેક ક્ષેત્રોમાં તેઓ જોડાયેલા રહ્યા છે. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં પ્રચાર દરમિયાન તેઓએ ઝંઝાવતી પ્રચાર કર્યો હતો અને તમામ મુદ્દા ઉઠાવ્યા હતા. ઉત્તરપ્રદેશમાં ગોરખપુર સંસદીય મતવિસ્તારમાં સંસદ સભ્ય રહેલા મહંત યોગી આદિત્યનાથ હાલમાં લોકસભામાં ગોરખપુરનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. ગોરખનાથ મઠના મુખ્ય મહંત તરીકે આદિત્યનાથ રહ્યા છે. ગોરખપુરમાં હિન્દુ મંદિર ગોરખનાથ મઠના તેઓ મુખ્ય વડા છે. સપ્ટેમ્બર ૨૦૧૪માં મહંત અવૈદ્યનાથના અવસાન બાદ તેઓએ વડા તરીકેની જવાબદારી સંભાળી હતી. તેઓ હિન્દુ યુવા વાહાણીના સ્થાપક સભ્ય તરીકે રહ્યા છે. તેમનો જન્મ ૫મી જૂન ૧૯૭૨ના દિવસે થયો હતો. હાલની વય ૪૪ વર્ષની છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાંચી ટેસ્ટમાં ભારતના છ વિકેટે ૩૬૦

**ભારત હજુ પણ ૯૧ રન પાછળ, ચાર વિકેટ હાથમાં : ત્રીજા દિવસેય ભારતીય બેટ્સમેનોની ધીમી બેટિંગ રહી મુરલી વિજયના ૮૨ રન : પેટ કમિન્સે ચાર વિકેટ ઝડપી**



રાંચી,તા. ૧૮

રાંચી ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાના ૪૫૧ રન ઓલઆઉટના જવાબમાં ભારતીય ટીમે અતિ ધીમી બેટિંગ કરીને ટેસ્ટ મેચને નિરશ બનાવી હતી. આ ટેસ્ટ મેચમાં આજે ભારતે છ વિકેટે ૩૬૦ રન બનાવ્યા હતા. ભારત હજુ પણ ઓસ્ટ્રેલિયાથી ૯૧ રન પાછળ છે અને તેની ચાર વિકેટ હાથમાં છે. તે જોતા આ ટેસ્ટ મેચ હવેપરિણામ વગર પૂર્ણ થાય તેવી શક્યતા છે. કારણ કે ભારતને ઝડપી બેટિંગ કરીને રન બનાવવાની જરૂર છે પરંતુ આજે ત્રીજા દિવસે ભારતીય બેટ્સમેનોએ ખુબ ધીમી બેટિંગ કરી હતી. ચેતેશ્વર પુજારાએ ભારત તરફથી સદી ફટકારીને અણનમ ૧૩૦ રન કર્યા હતા જેમાં ૧૭ ચોગ્ગાનો સમાવેશ થાય છે પરંતુ તેની બેટિંગ ખુબ ધીમી રહી હતી જેથી ચાહકોને નિરાશા હાથ લાગી હતી. પરિણામ મેળવવા માટે ભારતને ઝડપથી રન બનાવવાની જરૂર છે. આવતીકાલે ચોથા દિવસે ઝડપથી બેટિંગ કરવી પડશે. ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટાર્કની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવેલા કમિન્સે ૫૯ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. રાંચીના મેદાન પર શરૂ થયેલી ત્રીજી ટેસ્ટ મેચના

● અનુસંધાન પાન-૭ પર

# લાપત્તા ભારતીય મૌલવી પાકની કસ્ટડીમાં


નવીદિલ્હી,તા. ૧૮

હઝરત નિઝામુદીન દરગાહના જે બે મૌલવી પાકિસ્તાનમાં લાપત્તા થયા છે તેમના અંગે માહિતી સપાટી ઉપર આવી છે. સુત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, બંને મૌલવીઓ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થાની કસ્ટડીમાં છે. કે, એજન્સીએ બંનેને કોઈ ગુપ્ત સ્થળ ઉપર રાખ્યા છે. તેમને કસ્ટડીમાં લેવા માટેના કારણો હજુ સ્પષ્ટ થઈ શક્યા નથી. આ અગાઉ ભારતના

## નવી ચોંકાવનારી વિગત સપાટી પર

પાકિસ્તાનમાં સત્તાવાર સૂત્રો દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. મળેલી માહિતી મુજબ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થાના અધિકારીઓએ આશીફ નિઝામી અને નજીમ નિઝામીને કસ્ટડીમાં રાખ્યા છે. એમ કહેવામાં આવે છે વિદેસમંત્રી સુષ્મા સ્વરાજે પણ બંને મૌલવીઓના અપહરણને લઈને પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈનો હાથ હોવાનો

● અનુસંધાન પાન-૭ પર


સ્પે. ભાલીયા ઘઉંના
ખાખરા
શ્રી ભાગ્યલક્ષ્મી
મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં. ૧૪૭, શોપીંગ સેન્ટરની બાજુમાં, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૫૭૪૫ ૬૪૯૩૬

લોન... લોન... લોન...
સરકારી કર્મચારી તેમજ વેપારી મિત્રો માટે
● પર્સનલ લોન
● બિઝનેસ લોન
● હોમ લોન
● મોર્ગેજ લોન
આવકના પુરાવા વગર પણ...
ભટ્ટ ફાયનાન્સિયલ સર્વિસિસ
મો. : ૯૬૮૭૬૫૫૦૪૬
મો. : ૮૧૪૧૯૪૧૨૦૪

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી ટીફીન સર્વિસ
જાન્હવી ગૃહ ઉદ્યોગ
શુદ્ધ - સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન.
આપના તમામ શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
ઓફીસના કોન્ફરન્સ અને મીટીંગ માટે બલ્કમાં ઓર્ડર લેવામાં આવશે.(ડીસ્પોઝેબલ ડીસમાં)
Call : 9924684206 99246 84208 | હોમ સર્વિસ ફ્રી (ગાંધીનગર-વાવોલ-કુડાસણ-સરગાસણ)
ઘરનું ભોજન

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય